# વસંત 2020 થી ઇંગ્લેન્ડમાં અંગદાનને લગતા કાયદા બદલાઈ રહ્યાં છે.

## આ પત્રિકા તમારા વિકલ્પો સમજાવે છે.

## અંગ અને ઉત્તકનું દાન એટલે શું?

અંગ અને ઉત્તક દાન એટલે, તમે જયારે મૃત્યુ પામો ત્યારે, બીજાના જીવન બચાવવા અથવા સુધારવામાં મદદરૂપ થવા, પોતાના અંગ અને/અથવા ઉત્તકનું કરેલુ દાન.

એક અંગ દાતા નવ જેટલા લોકોના જીવન બચાવી અથવા પરિવર્તિત કરી શકે છે. ઉત્તક પ્રત્યારોપણ પણ કોઈ વ્યક્તિના જીવનની ગુણવત્તામાં મહત્વપૂર્ણ સુધારો કરી શકે છે. આ દાન, કોઈકને ફરી જોવામાં મદદરૂપ થવા કોર્નિયા હોય શકે, કે હૃદયની ખામીના ઉપચાર માટે પ્રતિસ્થાપિત હૃદય વાલ્વ, અથવા ગંભીર રીતે દાઝી ગયેલાની સારવાર માટે ચામડી પણ હોઈ શકે.

## અંગ દાનને લગતો કાયદો શા માટે બદલાય છે?

પ્રત્યેક દિવસે બ્રિટનમાં લગભગ ત્રણ લોકો મૃત્યુ પામે છે, એક અંગની દરકારમાં, કારણ કે પ્રત્યારોપણ માટે પૂરતા અંગો ઉપલબ્ધ નથી. પરંતુ માત્ર 1% લોકો એવા સંજોગોમાં મૃત્યુ પામે છે કે જેમાં તેઓ દાન આપવા સક્ષમ હોય.

મોટા ભાગના લોકો અંગદાનને સૈદ્ધાંતિક રીતે ટેકો આપે છે અને મૃત્યુ બાદ પોતાના અંગોનું દાન આપવા તૈયાર હશે. છતાં, ઘણાં લોકો  પોતાના નિર્ણયને સ્પષ્ટ કરતા નથી, ક્યાંતો NHS અંગદાતા રજીસ્ટર પર સહી દ્વારા અથવા તેમના પરિવાર ને જાણ કરીને. આ કાયદામાં બદલાવ મોટાભાગના લોકોની શું ઈચ્છે છે એ વધુ સારી રીતે પ્રતિબિંબિત કરશે અને વધુ જીવન બચાવવા અને સુધારવામાં મદદરૂપ થશે.

## શું બદલાઈ રહ્યું છે?

વસંત 2020 થી, ઇંગ્લેન્ડના તમામ પુખ્ત વયના લોકોને, તેમના મૃત્યુ બાદ, તેઓ અંગ અને ઉત્તક દાતા બનવા સહમત છે એમ માની લેવામાં આવશે, સિવાયકે તેમણે દાન નહીં કરવાનો સ્પષ્ટ નિર્ણય નોંધાવ્યો હોય અથવા બાકાત રાખવામાં આવેલા જૂથમાંથી એકમાં હોય (જુઓ, 'આ બદલાવ કોને અસર કરી શકે છે?'). આને સામાન્ય રીતે 'ઓપ્ટ આઉટ" સિસ્ટમ કહેવાય છે.

આનો અર્થ એવો થાય કે જો તમે પુષ્ટિ નથી કરી કે તમે અંગ દાતા બનવા ઈચ્છો છો કે નહિ – ક્યાંતો NHS અંગ દાતા રજીસ્ટર ઉપર નિર્ણય નોંધાવીને અથવા મિત્રો કે પરિવારની સાથે વાત કરીને - તો એવું માની લેવામાં આવશે કે તમે જયારે મૃત્યુ પામો ત્યારે તમે તમારા અંગ દાનમાં આપવા સહમત છો.

અંગ દાન એક મહાન ઉદારતાનું કાર્ય મનાતું રહે છે. છતાં તમને એ પસંદ કરવાનો અધિકાર છે કે તમારે અંગ દાતા બનવું છે કે નહિ. તમે જયારે મૃત્યુ પામો ત્યારે તમારા અંગદાન વિશે તમારા પરિવારની સલાહ લેવામાં આવશે.

## અંગદાનને લગતા કાયદામાં બદલાવ ક્યારથી થાય છે?

'ઓપ્ટ આઉટ' સિસ્ટમ વસંત 2020 થી ઈંગ્લેન્ડમાં અમલમાં આવેશે.

ત્યાં સુધી, જો તમે એવા સંજોગોમાં મૃત્યુ પામો કે જેમાં તમે દાન આપવા સક્ષમ હોવ, તો વિશેષજ્ઞ તબીબી કર્મચારી NHS અંગદાતા રજીસ્ટર ઉપર તપાસ કરવાનું જારી રાખશે, એ જોવા માટે કે તમે દાતા બનવા કોઈ નિર્ણય નોંધાવેલો છે કે નહિ. જો તમે એવું કરેલ હશે, તો તમારા પરિવારને એનું માન રાખવા કેહવામાં આવશે. જો તમે દાતા તરીકે નોંધણી નહિ કરેલ હોય, તો તમારા પરિવારને તમારા વતી નિર્ણય લેવાનું કેહવમાં આવશે.

એકવાર કાયદો બદલાય, એમ માની લેવામાં આવશે કે જયારે તમે મૃત્યુ પામો ત્યારે તમે અંગદાતા બનવા સહમત છો, જો તમે 18 વર્ષની ઉપરના હોવ:

- તમે 'ઓપ્ટ આઉટ' કરેલ નથી, અથવા
- તમે બાકાત રાખવામાં આવેલ જૂથમાંના એક નથી

તમારા પરિવારને હજુ પણ સામેલ કરવામાં આવશે.

### આ ફેરફાર કોને અસર કરશે?

આ નવો કાયદો ઈંગ્લેન્ડના પુખ્ત વયના લોકો કે જેઓ ઈંગ્લેન્ડમાં મૃત્યુ પામે તેમને લાગુ પડશે.

કોને લાગુ પડશે નહિઃ

- 18 વર્ષથી નીચે ના લોકોને
- એવા લોકો કે જેમનામાં નવી વ્યવસ્થાઓ સમજી અને જરૂરી કાર્યવાહી કરવા માટે ની માનસિક ક્ષમતાનો અભાવ હોય
- એ લોકોને કે જેઓ પોતાના મૃત્યુ પહેલા ઈંગ્લેન્ડમાં 12 મહિના થી ઓછા સમય માટે રહ્યા હોય
- એ લોકોને કે જેઓ અહીંયા સ્વેચ્છાથી રહેતા ન હોય

## મારે શું કરવાનું રેહશે?

વસંત 2020 થી, ઈંગ્લેન્ડમાં અંગદાનને લગતા કાયદામાં ફેરફાર થતા હોવાથી, અમે એવું ઈચ્છીએ છીએ કે દરેક વ્યક્તિ નિર્ણય લે કે તેઓ અંગ દાતા બનવા ઈચ્છે છે કે નહિ અને તેઓના કુટુંબને પોતાના નિર્ણયની જાણ કરે.

જો તમે **અંગ દાતા બનવા ઇચ્છતા હોવ**, તો તમે NHS અંગ દાતા રજીસ્ટર ઉપર દાતા બનવા નોંધાવી શકો છો.

જો તમે **અંગ દાતા બનવા નથી ઇચ્છતા**, તો તમે 'દાનમાં નહિ આપવાનો' નિર્ણય NHS અંગ દાતા રજીસ્ટર ઉપર નોંધાવી ઓપ્ટ આઉટ કરી શકો છો.

જો તમે તમારો નિર્ણય NHS અંગ દાતા રજીસ્ટર ઉપર **પહેલેથી નોંધાવેલ હોય, અને તમારો** નિર્ણય એજ રહે છે, તો તમારે તમારી ઈચ્છા તમારા પરિવારને જણાવવી જોઈએ.

જો તમે પહેલેથી નોંધ કરાવેલ હોય, પણ **તમને તમારા નોંધાવેલ નિર્ણયમાં ફેરફાર કરવાની ઈચ્છા હોય** તો, તમે કોઈ પણ સમયે 'તમારી માહિતીમાં ફેરફાર કરો' ફોર્મ ઓનલાઈન પૂર્ણ કરીને આવુ સહેલાઈથી કરી શકો છો.

## NHS અંગ દાતા રજીસ્ટર એ શું છે?

NHS અંગ દાતા રજીસ્ટર એ એક સુરક્ષિત ડેટાબેઝ છે કે જે એ બધા લોકોની વિગતો ધરાવે છે કે જેમણે અંગદાન ને લાગતો નિર્ણય નોંધાવેલ હોય. કોઈ વ્યક્તિને અંગ અને ઉત્તક દાનમાં આપવાની ઈચ્છા છે કે નહિ તેની નોંધ એમાં રાખવામાં આવે છે. જેઓને દાન આપવાની ઈચ્છા હોય, તેમને દાનમાં કયા અંગો અને ઉતકો આપવાની ઈચ્છા છે તેની નોંધ એમાં રાખવામાં આવે છે. ફકત વિશેષજ્ઞ NHS સ્ટાફને જ આ રજીસ્ટરનો અભિગમન રહશે.

NHS અંગ દાતા રજીસ્ટર ઉપર પોતાનો નિર્ણય નોંધાવવો અને પોતાના પરિવારને જણાવવું કે તમારી ઈચ્છા શું છે, આ શ્રેષ્ઠ રીતો છે એ સુનિશ્ચિત કરવા માટે કે તમારા નિર્ણયનું માન રાખવામાં આવે.

**યાદ રાખો, જો મૃત્યુ સમયે તમે 18–વર્ષની ઉપરના હોવ, બાકાત રાખવામાં આવેલ જૂથમાં ન હોવ અને ઓપ્ટ આઉટ ન કરેલ હોય, તો તમે અંગ અને ઉતક દાતા બનવા સહમત છો એવું માની લેવામાં આવશે.**

**તમે જે પણ પસંદગી કરો, એ તમારા પરિવારને જણાવવાનું મહત્વનું છે જેથી કરીને તેઓ તમારા નિર્ણયનું સમર્થન કરી શકે. જો તમે ભવિષ્યમાં તમારા નિર્ણયમાં ફેરફાર કરો તો તે પણ તમારે તેઓને જણાવવું જોઈએ.**

**તમારો નિર્ણય નોંધવવા organdonation.nhs.uk ની મુલાકાત લો**

## શું વસંત 2020 પછી પણ મારા અંગોને દાનમાં આપવા વિષે મારા પરિવારને પૂછવામાં આવશે?

હા. અંગ અને ઉતક દાનના વિકલ્પની ચર્ચા માટે સંભવનિય દાતાના પરિવારનો હંમેશા અભિગમ સાધવામાં આવશે. આ એ ખાતરી કરવામાં મદદરૂપ બનશે કે NHS અંગ દાતા રજીસ્ટર ઉપર નોંધાવેલ કોઈ પણ નિર્ણય એ તમારો સૌથી છેલ્લો જાણીતો નિર્ણય છે. આ સમર્થિત બને એની ખાતરી કરવામાં મદદ કરવા વિશેષજ્ઞ નર્સ કુટુંબ સાથે કાર્ય કરશે.

તમારો પરિવાર અમને તમારી કોઈ પણ વિશિષ્ટ વિનંતીઓ અથવા જરૂરિયાતો વિષે જણાવી શકે છે, જે એ ખાતરી કરવામાં મદદરૂપ બનશે કે અંગદાનની પ્રક્રિયા તમારા ધર્મ અથવા માન્યતાને અનુરૂપ આગળ વધે.

તમારું કુટુંબ તમારી તબીબી, મુસાફરી અને સામાજિક ઈતિહાસ વિષે પણ મહત્વની માહિતી પૂરી પાડી શકે. તમારા અંગો કોઈ અન્ય વ્યક્તિને સુરક્ષિતપણે આપી શકાય તેની તપાસ કરવામાં આ માહિતી મદદરૂપ બનશે.

# તમારા વિકલ્પો વિષે વધારે માહિતી મેળવો

અમારી વેબસાઈટ ઉપર અંગ અને ઉતકના દાન વિષે ખૂબજ વધારે મદદરૂપ માહિતી છેઃ [organdonation.nhs.uk](https://www.organdonation.nhs.uk) અને સોશ્યલ મીડિઆ ઉપર **@NHSOrganDonor**

તમે જયારે તમારો નિર્ણય કરેલ હોય, ત્યારે તેને NHS અંગ દાતા રજીસ્ટર ઉપર નોંધાવી અને તમારી પસંદગી વિષે તમારા પરિવારને જણાવવું એ મહત્વનું  હોય છે.

જો તમે વેબસાઈટ ઉપર તમને જરૂરી હોય તેવું મેળવી ન શકો અથવા હજી પણ અનિશ્ચિત હોવ, તો અમારી સમર્થિત હેલ્પલાઈન પર ફોન કરી શકો છોઃ

0300 303 2094

જો તમારી શ્રવણશક્તિ મંદ હોય તો કૃપા કરી અમારી ટેકસ્ટ રિલે સર્વિસનો ઉપયોગ કરોઃ

18001 0845 730 0106

ટેકસ્ટ ચેટનો ઉપયોગ કરવા કૃપા કરી SMS કરોઃ

07860 034 343

1 મે 2019 થી, NHS અંગ દાતા રજીસ્ટર ઉપર પોતાનો નિર્ણય નોંધાવવા માટે NHS App નું અભિગમન ધરાવનાર કોઈ પણ વ્યક્તિ એનો પણ ઉપયોગ કરી શકશે.

તમે App Store અથવા Google Play માંથી NHS App ડાઉનલોડ કરી શકશો.



રોહિત માત્ર ૫૫ ની ઉંમર માં હ્રિદયના હુમલા પછી ગુજરી ગયા. એમના કિડની, હ્રિદયના વાલ્વ અને કોર્નિયા દાન અપાયા અને આગળ જતા બીજાને મદદ આવ્યા.